કામધેનુ યુનિવર્સિટી

# કાર્ય-સંહિતા

## રાષ્ટ્રીય સેવા યોજના

વિચારો વિશ્વની વાટે, આચરો ગામને ગોંદરે

# लक्ष्य गीत : राष्ट्रीय सेवा योजना

उठें समाज के लिए उठें-उठें
जगें स्वराष्ट्र के लिए जगें-जगें
स्वयं सजे वसुन्धरा संवार दें - २

हम उठें उठेगा जग हमारे संग साथियों
हम बढ़े उठेगा जग हमारे संग साथियों
जमीं पे आसमान को उतार दें - २
स्वयं सजे वसुन्धरा संवार दें - २

उदासयों को दूर कर ख़ुशी को बांटते चलें
गांव और शहर की दूरियों को पाटते चलें
ज्ञान को प्रचार दें प्रसार दें
विज्ञान को प्रचार दें प्रसार दें
स्वयं सजे वसुन्धरा संवार दें - २

समर्थ बाल वृद्ध और नारियां रहें सदा
हरे भरे वनों की शाल ओढ़ती रहे धरा
तरक्क़ियों की एक नई कतार दें - २
स्वयं सजे वसुन्धरा संवार दें - २

ये जाति धर्म बोलियाँ बनें न शूल राह की
बढ़ए बेल प्रेम की अखंडता की चाह की
भावना से ये चमन निखार दें
स्वयं सजे वसुन्धरा संवार दें - २

उठें समाज के लिए उठें-उठें
जगें राष्ट्र के लिए जगें-जगें
स्वयं सजे वसुन्धरा संवार दें - २

# કામધેનુ યુનિવર્સિટી

# કાર્ય-સંહિતા

## રાષ્ટ્રીય સેવા યોજના

**વિચારો વિશ્વની વાટે, આચરો ગામને ગોંદરે**

**ડૉ. બી. એન. પટેલ**
પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર
રાષ્ટ્રીય સેવા યોજના
નિયામક, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓની કચેરી
કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર–૩૮૨ ૦૧૦

**કાર્ય સંહિતા, રાષ્ટ્રીય સેવા યોજના,**
**કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર**

**માર્ચ, ૨૦૧૭**

**પ્રકાશનનું વર્ષ : ૨૦૧૭**

**નકલ : ૧૮૦૦**

**પ્રકાશક : પ્રોગ્રામ કો–ઓર્ડીનેટર, રાષ્ટ્રીય સેવા યોજના**
**નિયામક, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓની કચેરી**
**કામધેનુ યુનિવર્સિટી,**
**કર્મયોગી ભવન, બ્લોક–૧, બી ૧ વીંગ, ચોથો માળ,**
**સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦**
**ફોન : ૦૭૯ ૬૫૭૨૬૬૬૮**

**મુદ્રક : કેપિટલ ઓફસેટ,**
**ગાંધીનગર**
**મો.૯૬૩૮૧ ૮૩૮૩૮**
**ફોન : ૦૭૯–૨૩૨૧૧૪૫૬**

## શુભેચ્છા



માનવ ઈતિહાસના ઉગમકાળથી જ શિક્ષણ સતત વિકાસશીલ રહ્યું છે અને તેનો વ્યાપ વધતો રહ્યો છે ત્યારે વિકાસની સામાજિક, સાંસ્કૃતિક કે રાષ્ટ્રીય પ્રતિભાને આંચ ના આવે તે રીતે કામધેનુ યુનિવર્સિટીએ તેના સ્થાપનાકાળથી જ શિક્ષણ, સંશોધન તેમજ વિસ્તરણ શિક્ષણ દ્વારા જગતના સર્વે જીવોના કલ્યાણ માટે સતત પ્રયત્નશીલ છે. રાષ્ટ્રીય સેવા યોજનાના ધ્યેયો અને કામધેનુ યુનિવર્સિટીના ધ્યેયો એકબીજાને પુરક છે. તેમજ આ યુનિવર્સિટીએ શિક્ષણના માધ્યમથી સમાજને અનુરૂપ થાય તેવા સક્ષમ સેવકો તૈયાર કરવાનું કાર્ય આરંભેલું છે.

સમાજના ઘડતરમાં વ્યક્તિનો વિકાસ એક અગત્યની ભૂમિકા ભજવે છે. વ્યક્તિનું ઘડતર થાય તો સમાજનો વિકાસ થાય. કામધેનુ યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ. ભાવિકભાઈ પટેલે રાષ્ટ્રીય સેવા યોજનાના ધ્યેયોને પાર પાડવા અને કાર્યક્રમોના આયોજન, અમલીકરણમાં વિદ્યાર્થી સ્વયંસેવકોને નિષ્ઠાપૂર્વક ભાગ લેવાની પ્રેરણા આપતી આ પુસ્તિકાના સંકલનનું અભિનંદનીય કાર્ય કર્યું છે.

શિક્ષણમાત્ર માહિતી પુરતું જ મર્યાદિત ના રહે, પરંતુ ગાંધીજીએ સુચવેલા માર્ગે યુવા મિત્રો કે નવી પેઢી શિક્ષણ દ્વારા વ્યક્તિગત વિકાસ સાધીને સમાજનો તથા રાષ્ટ્રનો વિકાસ થાય એવા કાર્યક્રમોમાં સ્વૈચ્છાએ ભાગીદાર બને એવી ઉમદા અપેક્ષા રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાયેલા સ્વયંસેવકો પાસેથી રાખવામાં આવે છે. રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર પ્રત્યેની આદરભાવના જગાડીને વિકાસકાર્યોમાં પરિણમે તેવી શુભકામના.

પ્રો. એમ.સી. વાર્ષ્ણેય
કુલપતિ

# કામધેનુ યુનિવર્સિટી

**દર્શનઃ**

પશુચિકિત્સાતથાસંલગ્નવિજ્ઞાનશાખાઓમાં અભ્યાસ તથા સંશોધનોમાં રાષ્ટ્રીય આગેવાની લેવી.

**મિશનઃ**

- સર્વજીવોના કલ્યાણ અર્થે શિક્ષણ તથા સંશોધનના ક્ષેત્રમાં ઉચ્ચમાંનાકો પ્રાપ્ત કરી શ્રેષ્ઠતમ્ પ્રદર્શન કરવું.
- વિદ્યાર્થીઓનું સંવેદનશીલ વ્યવસાયિકો તરીકે ઘડતર કરવું.
- વૈજ્ઞાનિક માહિતીના પ્રસાર દ્વારા પશુધન તેમજ મત્સ્યોદ્યોગની ઉત્પાદન ક્ષમતા વધારવી.

# શુભેચ્છા



મહાવિદ્યાલયો / પોલીટેકનીકના વર્ગખંડોમાં જીવનમૂલ્યલક્ષી કેળવણી તેમજ વિવિધ કૌશલ્યોની વૃદ્ધિ માટેનું શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓનો બહુમુખી તથા સર્વાંગી વિકાસ માટે તથા તે થકી એક સુવિક્સીત અને સશક્ત રાષ્ટ્ર નિર્માણ માટે રાષ્ટ્રીય સેવા યોજના સમગ્ર રાષ્ટ્રમાં કાર્યરત છે. આ યોજના વિદ્યાર્થીઓના જીવનકાળમાં વિવિધ સમાજલક્ષી કાર્યો દ્વારા રાષ્ટ્રીય મૂલ્યોના સિંચન માટે અગત્યની ભૂમિકા ભજવે છે.

રાષ્ટ્રીય સેવા યોજનાની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે આરોગ્ય શિક્ષણ, કુટુંબ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, જાહેર સ્વચ્છતા, વૃક્ષારોપણ, નશાબંધી, વ્યસન મુક્તિ, સ્વચ્છ દૂધ ઉત્પાદન, મહિલા જાગૃતિ, બેટી બચાવો અભિયાન, આદર્શ પશુપાલન, નિરક્ષરતા નાબૂદી, રાહત કાર્ય, રચનાત્મક કાર્યો, સ્વરોજગારી પ્રેરક પ્રવૃત્તિઓ વગેરે વિદ્યાર્થીઓને ગ્રામોત્થાનની એક અનોખી તક પૂરી પાડે છે. રાષ્ટ્રીય સેવા યોજનાની ખાસ પ્રશિક્ષણ શિબિરો, સમુહજીવન, સંગઠન, લોક જાગૃતિ, રાહત સેવા વગેરે જુદા જુદા હેતુઓ માટે પ્રયોજાતી હોય છે. જે વિદ્યાર્થી જીવનનું અનેરું સંભારણું બની રહે છે.

દરેક વિદ્યાર્થીઓ પાસે વિવિધ પ્રતિભાઓ રહેલી હોય છે. તેમને સમાજના સામુહિક ઉત્થાન માટે ઉપયોગ કરવા, તેમજ આજની યુવા પેઢીને ગ્રામ્યજીવન તરફ સંવેદનશીલ / લાગણીશીલ બનાવવા માટે રાષ્ટ્રીય સેવા યોજના મહત્વની કડીરૂપ બની રહે છે.

વિદ્યાર્થી સ્વયંસેવકોને રાષ્ટ્રીય સેવા યોજનાના દરેક કામમાં સ્વેચ્છાએ, ઉત્સાહભેર ભાગીદાર બની પોતાના ઉદેશ અને લક્ષ્ય નક્કી કરી તેને પાર પાડવા સક્ષમ બનાવવા માટે આ કાર્યસંહિતા ખૂબજ ઉપયોગી નીવડશે.

**ડૉ. આર. આર. શાહ**
કુલસચિવ
કામધેનુ યુનિવર્સિટી

## કામધેનુ યુનિવર્સિટીના ઉદ્દેશો

‘सर्वभूतहिते रताः’ સર્વ જીવોના કલ્યાણ માટે સતત રત

કામધેનુ યુનિવર્સિટી જગતના સર્વ જીવોના કલ્યાણ માટે શિક્ષણ, સંશોધન તેમજ વિસ્તરણ શિક્ષણના અનેકવિધ કાર્યક્રમો દ્વારા કે જે દુધાળા પશુઓ તથા મત્સ્યપાલનને કેન્દ્રમાં રાખી તેના વિકાસ દ્વારા પશુપાલકો તથા મત્સ્યપાલકોના જીવન સ્તરને ઉંચુ લાવવા પ્રયત્નશીલ છે.

કામધેનુ યુનિવર્સિટીના બૃહદ હેતુઓ નીચે મુજબ છે.

- પશુ ચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં શિક્ષણ આપવા માટેની જોગવાઇ કરવી.
- પશુ ચિકિત્સા અને સંલગ્ન વિજ્ઞાનોમાં અધ્યયન અને સંશોધનની પ્રવૃત્તિને આગળ ધપાવવી.
- પશુ ચિકિત્સા સંશોધનની પ્રવૃત્તિને આગળ યોગ્ય માધ્યમ દ્વારા વિસ્તરણ શિક્ષણ હાથ ધરવું.

## રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતિક

રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતિક કોણાર્કના સૂર્યમંદિરના રથના ચક્ર પર આધારિત છે. સૂર્યમંદિરનું એક મહાન ચક્ર પુનર્નિર્માણ, રક્ષણ અને મુક્તિના ચક્રનાં દર્શન કરાવે છે અને તે અનંતકાળ તથા અવકાશ વચ્ચે ચાલી આવેલી જીવનની ગતિનું મહત્વ સૂચવે છે. પ્રતિકની ગત્યાત્મક આકૃતિ રાષ્ટ્રીયસેવા યોજનાના ધ્યેયનું, પ્રગતિનું પ્રથમ દૃષ્ટીએ સૂચન કરે છે. ગ્રામપ્રદેશના સમાજના વિધેયાત્મક અને પ્રગતિકારક કાર્યક્રમોમાં શહેરી અને બિનશહેરી યુવકોને રસ લેતા અને જોડતા કરવાનું તથા સમૂહજીવન અને સામાજિક કાર્ય વગેરે દ્વારા રાષ્ટ્રીય ભાવાત્મક એકતાનું જે લક્ષ્ય અને ધ્યેય રાષ્ટ્રીય સેવા યોજવાનું છે તે આમાં પ્રતિકાત્મક રૂપમાં નિષ્પન્ન થયું છે કે જે મુખ્યતઃ પ્રગતિશલ જીવનચક્રનું મહત્વ દર્શાવે છે.

### રાષ્ટ્રીય અખંડતા માટેની પ્રતિજ્ઞા

હું રાષ્ટ્રની એકતા, અખંડતા, સ્વતંત્રાની સુરક્ષા અને મજબૂતી માટે સમર્પણભાવે રચનાત્મક કાર્ય કરવાની ગંભીરપણે પ્રતિજ્ઞા લઉં છું.

વિશ્વશાંતિ, બંધુતા, સહઅસ્તિત્વ, સહકાર અને માનવીય મૂલ્યોનું મારા જીવન આચરણમાં પાલન કરીશ. હિંસાનો આશ્રય નહીં લઉં. ધર્મ, ભાષા, પ્રદેશ, રાજકીય અને આર્થિક વિવાદો સાથે સંકળાયેલા સર્વ મતભેદો તેમ જ તકરારોનો ઉકેલ શાંતિપૂર્ણ અને બંધારણીય સાધનો દ્વારા કરવાનો નિર્ધાર વ્યક્ત કરું છું.

# કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

## રાષ્ટ્રીય સેવા યોજના પ્રવેશપત્રક

ફોટો

પ્રતિ,
સંયોજકશ્રી / આચાર્યશ્રી,
રાષ્ટ્રીય સેવા યોજના,

______________________

______________________

હું ____________________________________________ માં ______________________ વર્ષમાં અભ્યાસ કરું છું રાષ્ટ્રીય સેવા યોજનામાં હું શિક્ષણ–વ્યવસ્થાના ભાગરૂપે જોડાઉં છું. મારી વિગતો નીચે મુજબ છે.

(૧) પુરું નામ : (અટકથી શરૂ કરવું) :

(૨) પિતાનું નામ :

(૩) માતાનું નામ :

(૪) જાતિ (પુરુષ / સ્રી) :

(૫) જન્મ તારીખ :

(૬) યુનિવર્સિટી રજી. નં. :

(૭) આધાર કાર્ડ નં. :

(૮) સરનામું :

(૯) મોબાઈલ નં. :

(૧૦) ઈ–મેલ :

(૧૧) રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાયા : વર્ષ :
માસ :

(૧૨) સંસ્થામાં પ્રવેશ મેળવતાં પહેલાં સમાજ સેવાનો અનુભવ
(પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે) :

(૧૩) નિયમિત પ્રવૃત્તિ ટુકડી નંબર/નામ :

(૧૪) નિયમિત પ્રવૃત્તિ માટે નક્કી થયેલા કાર્ય વિસ્તારો / સંસ્થાઓ :

(૧૫) તમારી રૂચિની સેવા–પ્રવૃત્તિઓ :

| | |
|---|---|
| ૧. | ૨. |
| ૩. | ૪. |
| ૫. | ૬. |

(૧૬) રા.સે.યો. માટે નીચેની પ્રવૃત્તીઓમાંથી ત્રણની પસંદગી કરવી :

૧. નિરક્ષરતા નાબૂદી
૨. આરોગ્ય શિક્ષણ
૩. કૃષિ–વિસ્તરણ સેવા
૪. વૃક્ષારોપણ
૫. વસ્તીશિક્ષણ
૬. મહિલા શિક્ષણ
૭. આદર્શ પશુપાલન
૮. જાહેર સ્વચ્છતા
૯. ગૌ સેવા
૧૦. નશાબંધી અને વ્યસનમુક્તિ
૧૧. ખાદીપ્રચાર
૧૨. સર્વધર્મ સમભાવ
૧૩. સ્વચ્છ દૂધ ઉત્પાદન
૧૪. રોકડ વગર વ્યવહાર
૧૫. રચનાત્મક કાર્યો

(૧૭) લોહીનો પ્રકાર (બ્લડ ગ્રૂપ) :

રાષ્ટ્રીય સેવા યોજના પરિચય શિબિર દરમ્યાન આ યોજના હેઠળના પ્રત્યક્ષ કાર્ય વિશે, તેની રોજનીશી લખવાની પદ્ધતિ વિશે તથા તેની અપેક્ષાઓ અને નિયમો તથા શિસ્તનાં ધોરણો વિશે હું વાકેફ થયો છું. ભારતની એકતા અને સર્વાંગી વિકાસ માટે મને સોંપાયેલાં સેવાકાર્યો સેવા અને સમર્પણની ભાવનાથી નિષ્ઠાપૂર્વક પૂરા કરવા હું પ્રતિજ્ઞા લઉં છું.

તા. – – ૨૦ સ્વયંસેવકની સહી

## સ્વયંસેવકોની આચારસંહિતા

૧. વર્ષભર નિયત દિવસોએ સોંપાયેલી નિયમિત પ્રવૃત્તિઓ કરવી.
૨. ૭ દિવસની ખાસ શિબિર દરમિયાન શ્રમ, સેવા અને વિસ્તરણની પ્રવૃત્તિઓ હાથ ધરવી.
૩. શિબિરના દરેક કાર્યમાં શિબિર–સંચાલકની સૂચના મુજબ ઉત્સાહપૂર્વક કાર્ય કરવું.
૪. પોતાના ગ્રુપના લીડરની સૂચનાઓનું બરાબર પાલન કરવું.
૫. રાષ્ટ્રીય સેવા યોજનાનો બિલ્લો નિયમિત રીતે ગણવેશ સાથે લગાવવો.
૬. નિયમિત રીતે રોજનીશી લખવી.
૭. મહાત્મા ગાંધી પ્રેરિત સમાજસેવાની ઉચ્ચ પરંપરાઓને અનુસરવામાં અગ્રેસર રહેવું.

# રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વના દિવસોની ઉજવણી

| ક્રમ | તારીખ | દિવસ |
|---|---|---|
| ૧. | ૧ મે | શ્રમજીવી દિન, ગુજરાત સ્થાપના દિન |
| ૨. | ૧ જૂન | વિશ્વ દૂધ દિવસ |
| ૩. | ૫ જૂન | વિશ્વ પર્યાવરણ દિવસ |
| ૪. | ૨૧ જૂન | વિશ્વ યોગ દિવસ |
| ૫. | ૧૫ ઓગષ્ટ | સ્વાતંત્ર્ય દિવસ |
| ૬. | ૫ સપ્ટેમ્બર | શિક્ષક દિન |
| ૭. | ૮ સપ્ટેમ્બર | વિશ્વ સાક્ષરતા દિવસ |
| ૮. | ૧૪ સપ્ટેમ્બર | હિન્દી દિવસ |
| ૯. | ૨૪ સપ્ટેમ્બર | રાષ્ટ્રીય સેવા યોજના દિન |
| ૧૦. | ૨ ઓક્ટોબર | ગાંધી જયંતિ |
| ૧૧. | ૧૬ ઓક્ટોબર | વિશ્વ અન્ન દિવસ |
| ૧૨. | ૩૧ ઓક્ટોબર | સરદાર પટેલ જયંતિ |
| ૧૩. | ૨૧ નવેમ્બર | વિશ્વ ફિશરીઝ દિવસ |
| ૧૪. | ૧ ડિસેમ્બર | વિશ્વ એઈડ્સ દિન |
| ૧૫. | ૧૦ ડિસેમ્બર | માનવઅધિકાર દિવસ |
| ૧૬. | ૧૨ જાન્યુઆરી | રાષ્ટ્રીય યુવા દિવસ |
| ૧૭. | ૨૬ જાન્યુઆરી | ભારતીય ગણરાજ્ય દિવસ |
| ૧૮. | ૨૮ ફેબ્રુઆરી | રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ |
| ૧૯. | ૮ માર્ચ | વિશ્વ મહિલા દિવસ |
| ૨૦. | ૨૧ માર્ચ | વિશ્વ વન દિવસ |
| ૨૧. | ૭ એપ્રિલ | વિશ્વ આરોગ્ય દિન |
| ૨૨. | ૨૯ એપ્રિલ | વિશ્વ વેટનરી દિવસ |

**સારા મિત્રો, સારું પુસ્તક અને સદ્‌વિવેકબુદ્ધિ એ જીવનના આઈડલ છે.**

# રાષ્ટ્રીય સેવા યોજના

# ગ્રામોન્નતિનો યજ્ઞ

## ટૂંક પરિચય

**૧. ગ્રામસેવાની પરંપરા**

પરદેશી શાસન દરમિયાન દેશની સામાજિક અને આર્થિક પાયમાલી થઈ. સ્વરાજની લડત દરમિયાન મહાત્મા ગાંધીએ યુવાનોને ગામડાંમાં જઈ રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવા હાકલ કરી. હજારો કાર્યકરો ગામડાનું નવઘડતર કરવાના કાર્યમાં સ્વરાજપ્રાપ્તિ પછી દેશના નવઘડતર માટે લાગી ગયા. ગાંધીજીએ શરૂ કરેલી ગ્રામસેવા દ્વારા સમાજ પરિવર્તનની આ પરંપરા જ રાષ્ટ્રીય સેવા યોજનાનું મૂળ સ્રોત છે.

**૨. રાષ્ટ્રીય સેવા યોજના વિચાર**

પ્રથમ પંચવર્ષિય યોજના ૧૯૫૨માં શરૂ થઈ. કેન્દ્ર અને રાજ્યકક્ષાએ અનેક વિકાસ અને વિસ્તરણ સેવા કાર્યક્રમો શરૂ થયા. ડૉ. રાધાકૃષ્ણનની અધ્યક્ષતા હેઠળના શિક્ષણ પંચે ઉચ્ચ શિક્ષણમાં સ્વૈચ્છિક સમાજસેવાની યોજના શરૂ કરવાનું સૂચન કર્યું હતું. ૧૯૫૮માં પંડિત જવાહરલાલ નહેરુએ પૂર્વસ્નાતક કક્ષાએ સમાજસેવાનો સમાવેશ કરવાનું સૂચવ્યું. ૧૯૫૯માં શિક્ષણપ્રધાનોની સભામાં આ અંગે સર્વસંમતિ સધાઈ, વિગતવાર યોજના ઘડવા ડૉ. સી. ડી. દેશમુખની અધ્યક્ષતા હેઠળ 'રાષ્ટ્ર સેવા સમિતિ'ને આ કાર્ય સોંપવામાં આવ્યું. ડૉ. કે. જી. સૈયદે બીજા દેશોમાં વિદ્યાર્થી પ્રવૃત્તિઓના અભ્યાસના આધારે ૧૯૬૦માં 'યુવકો માટે સમાજસેવા'નો અહેવાલ સરકારને સુપરત કર્યો. ૧૯૬૨માં સરકારે એ.સી.સી. અને એન.સી.સી.ને મહાવિદ્યાલય અને વિદ્યાલય કક્ષાએ દાખલ કરી. ૧૯૬૪માં શિક્ષણ આયોગના અધ્યક્ષ ડૉ. કોઠારીએ શિક્ષણ–વ્યવસ્થાના દરેક તબક્કે સમાજસેવાને સાંકળવા ભલામણ કરી. ૧૯૬૭માં રાજ્યોની શિક્ષણપ્રધાનોની સભામાં સર્વસંમતિથી એન.સી.સી., રાષ્ટ્રીય સેવા યોજના અને એન.એસ.ઓ.ના વિકલ્પવાળી વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરી. ૧૯૬૭માં દેશના ઉપકુલપતિઓની સભામાં પણ આનો સ્વીકાર કરવામાં આવ્યો. ૧૯૬૯માં આયોજન પંચે દેશની કેટલીક યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં રાષ્ટ્રીય સેવા યોજના દાખલ કરવા નાણાંકીય ફાળવણી કરી. ત્યારથી દર વર્ષે સેવા યોજનામાં જોડાનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધતી રહી છે.

## ૩. રાષ્ટ્રીય સેવા યોજનાના ઉદ્દેશો

(૧) વિદ્યાર્થી સમાજ પ્રત્યેનાં પોતાનાં કર્તવ્યો સમજતો થાય.

(૨) પોતે મેળવેલ શિક્ષણનો ઉપયોગ સમાજની સમસ્યાઓના ઉકેલ માટે કરી તેને અનુરૂપ રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરે.

(૩) સામાજિક કાર્યકર તરીકેની સભાનતા, પહેલશક્તી અને વ્યવસ્થાશક્તિ ખીલવે.

(૪) સમાજના નબળા વર્ગોની ઉન્નતી માટેનાં કાર્યો હાથ ધરે અને દેશનાં નવઘડતરનાં કાર્યોમાં જનતાની સહભાગિતા કેળવે.

(૫) કુદરતી હોનારતો અને તાત્કાલિક જરૂરિયાતોને પહોંચી રહેવા સક્ષમતા કેળવવી.

## ૪. કોણ જોડાઈ શકે ?

કામધેનુ યુનિવર્સિટી નિર્મિત તથા સંલગ્ન તમામ સંસ્થાઓમાં ભણતા દરેક વિદ્યાર્થી માટે આ યોજનામાં જોડાઈ શકે. દરેક વિદ્યાર્થીએ નિયમિત રીતે રા.સા.યો.ની નિયમિત પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લેવાનો રહેશે. ઉપરાંત દર વર્ષે રાષ્ટ્રીય સેવા યોજનાની ઓછામાં ઓછી કોઈ એક સાત દિવસની ખાસ શિબિરોમાં ભાગ લેવાનો રહેશે.

## ૫. કામધેનુ યુનિવર્સિટીમાં યોજનાનો અમલ

(૧) પ્રવેશ :

કામધેનુ યુનિવર્સિટીની શિક્ષણ – વ્યવસ્થાના દરેક તબક્કે સમાજસેવા, સમૂહજીવન, ઉત્પાદક શ્રમને શિક્ષણને ભાગરૂપે વણી લેવામાં આવ્યાં છે. રાષ્ટ્રીય સેવા યોજના આ સંદર્ભમાં પૂરક બની રહે છે. પોલિટેકનિક / સ્નાતક / અનુસ્નાતક પદવીના પ્રથમ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાઈ શકે છે.

(૨) નિયમિત પ્રવૃત્તિઓ :

કામધેનુ યુનિવર્સિટી પ્રત્યક્ષ કાર્યમાં સેવા સંસ્થા અને ગ્રામકક્ષાએ કુટુંબો સાથે વિદ્યાર્થીઓને જોડીને સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે સઘન પ્રયત્ન થાય તે રીતે વિદ્યાર્થીઓ દ્વારા પ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન કરે છે. નિયમિત પ્રવૃત્તિઓમાં નીચેની પ્રવૃત્તિઓને અગ્રિમતા આપવામાં આવે છે.

૧. નિરક્ષરતા નાબૂદી (અનિવાર્ય)
૨. કૃષિ – પશુપાલન વિસ્તરણ સેવા
૩. વૃક્ષારોપણ (અનિવાર્ય)
૪. વસ્તીશિક્ષણ
૫. આરોગ્ય શિક્ષણ
૬. આદર્શ પશુપાલન
૭. રોકડ વગર વ્યવહાર
૮. રચનાત્મક કાર્ય
૯. પશુ આરોગ્ય
૧૦. સ્વચ્છ દૂધ ઉત્પાદન

(૩) કાર્યવિસ્તારની પસંદગી :

રા.સે.યો. અન્વયે વિદ્યાર્થીઓએ દર વર્ષે નિયમિત પ્રવૃત્તિ પેટે કામ કરવાનું અને એક ૭ દિવસીય શિબિર ભરવાની હોય છે. દરેક મહાવિદ્યાલય બન્ને પ્રવૃત્તિઓ માટે શક્ય તેટલા નાના અને નજીકનાં ગામડાંઓ / સેવા સંસ્થાઓની પસંદગી કરશે.

(૪) અહેવાલ લેખન :

કાર્યસંહિતામાં આપેલી દૈનિક નોંધમાં નિયમિત પ્રવૃત્તિની વિગતો લખવાની રહેશે.

(૫) મૂલ્યાંકન :

વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાનની કામગીરીનું સ્વ મૂલ્યાંકન કરવાનું રહેશે.

(૬) પ્રમાણપત્ર :

દર વર્ષે નિયમિત સેવાકાર્યની પ્રવૃત્તિમાં સંતોષકારક રીતે ભાગ લીધો હોય તેમજ ઓછામાં ઓછુ એક સાત દિવસીય ખાસ શિબિરમાં ભાગ લીધો હોય તેવા સ્વયંસેવકોને પ્રમાણપત્ર આપવામાં આવશે.

**સમાજ સેવામૂલક સૂચિત પ્રવૃત્તિઓ :**

સ્વયં સેવક વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ કાર્યમાં ગામડાંઓના કે સેવા સંસ્થાઓના વિકાસના પ્રશ્નો અને લાભાર્થીઓની અપેક્ષાઓને અનુલક્ષીને રાષ્ટ્રીય સેવા યોજના અન્વયે નિયમિત પ્રવૃત્તિ અને વિશેષ શિબિરના ભાગરૂપે જરૂરિયાત પ્રમાણે વિવિધ કાર્યક્રમો હાથ ધરી શકે.

**૧. આરોગ્ય, પોષણ અને કુટુંબકલ્યાણ :**

૧. સમાજના આરોગ્ય, આહાર અને પોષણ અંગેની પ્રચલિત ખોટી માન્યતાઓને દૂર કરી લોકોને સાચી કેળવણી આપવી.

૨. લોકો સ્થાનિક રીતે ઉપલબ્ધ વસ્તુઓમાંથી પોષક અને સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરી શકે અને રોજબરોજના જીવનમાં ઉપયોગ કરે તે માટે નિદર્શન, પ્રદર્શન અને તાલીમવર્ગો યોજવાં.

૩. રક્તદાન, સ્વસ્થ બાળ, સ્વચ્છ ઘર અને સ્વચ્છ ગામ જેવી હરીફાઈઓ યોજવી, પીવાના સ્વચ્છ પાણી માટે આગ્રહી બનવું.

૪. પ્રાથમિક સારવાર કેન્દ્ર તથા ગ્રામીણ આરોગ્યસેવાઓ અને યોજનાઓથી લોકોને માહિતગાર કરવા.

૫. વસતિ શિક્ષણ દ્વારા નાનું કુટુંબ સુખી કુટુંબના સંસ્કારને લોકો સ્વીકારે તે માટે જરૂરી વિસ્તરણ સેવાઓ અને પ્રચાર માધ્યમોનો સમુચિત ઉપયોગ કરવો.

**૨. પશુપાલન**

૧. પશુપાલનનું મહત્ત્વ સમજાવતા કાર્યક્રમોનું આયોજન કરવું.

૨. સ્વચ્છ દૂધ ઉત્પાદન અંગે માર્ગદર્શન પુરૂં પાડવું.

૩. પોષણક્ષમ પશુઆહારનું આયોજન થકી દૂધ ઉત્પાદન ક્ષમતા વધારવાના અંગે તાલીમનું આયોજન કરવું.

૪. પશુ આરોગ્ય અંગે નિદર્શન, પ્રદર્શન તાલીમ વર્ગનું આયોજન કરવું.

૫. પશુચિકિત્સા માટેના કેમ્પનું આયોજન કરવું.

૬. વિદ્યાર્થીઓ માટે દૂધ કલેકશન સેન્ટરોની મુલાકાતનું આયોજન કરવું.

૭. ગૌ શાળાઓની મુલાકાતનું આયોજન કરવું.

**૩. પર્યાવરણ સંરક્ષણ :**

૧. વૃક્ષારોપણ અને વૃક્ષ ઉછેરને પ્રોત્સાહન આપવું.

૨. જાહેર સફાઈ માટે રસ્તાં અને સુલભ સાધનોનો ઉપયોગ લોકો કરે તે માટે યથાયોગ્ય પ્રોત્સાહક કાર્યક્રમો ઘડવા.

દા.ત. સસ્તાં પાણીબંધ શૌચાલય, શોષખાડા, ખાતરના ખાડા અને જાહેર મુતરડી, ચોકડી ઈત્યાદિ.

૩. લોકો રોજિંદા જીવનમાં સ્વચ્છ ટેવોના આગ્રહી બને અને ચુસ્ત રીતે પાલન કરે તે માટે જરૂરી ઊંડા કરવા, સફાઈ કરવી અને પાણીનું પ્રદુષણ અટકાવવા દવા છાંટવી.

૪. ગામનાં તળાવો, કૂવા ઊંડા કરવા, સફાઈ કરવી અને પાણીનું પ્રદૂષણ અટકાવવા દવા છાંટવી.

૫. બિનપારંપરિક ઊર્જા સાધનોના ઉપયોગ માટે લોકજાગૃતિ (દા.ત. સૂર્યકૂકર, પવનચક્કી)

૬. જમીનના ધોવાણ અને રણને આગળ વધતા અટકાવવાં.

**૪. મહિલા જાગૃતિ :**

૧. કન્યાકેળવણીને પ્રોત્સાહન, સ્ત્રી જાગૃતિ, સ્ત્રી અધિકાર સંબંધી કાયદાઓ અને કલ્યાણ યોજનાઓ અને સેવાઓ અંગે માહિતી અને માર્ગદર્શન માટે ચર્ચાસભા, પરિસંવાદ, પ્રદર્શન અને બીજા દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોનો ઉપયોગ કરવો.

૨. મહિલા આર્થિક સ્વાવલંબન માટે સહકારી સોસાયટી, મહિલા મંડળો અને સ્વરોજગારલક્ષી મહિલા પ્રવૃત્તિઓને સ્થાનિક કક્ષાએ પ્રોત્સાહન આપવું.

૩. મહિલાઓ પારંપરિક વ્યવસ્થાઓ સિવાય બીજા વધારે આવકવાળા મહત્વનાં વ્યવસાય પણ કરી શકે તે માટે વ્યવસાયી તાલીમ વર્ગો, નિદર્શનો અને શૈક્ષણીક મુલાકાતો યોજવી.

૪. સગર્ભા અને ધાત્રી માતાઓને પોષક આહાર, પ્રસૂતા સંભાળ અને બાળ ઉછેર અંગે તબીબી માર્ગદર્શન અને પ્રાથમીક માહિતી મળે તે રીતે આયોજન કરવું.

૫. જાહેર જીવનમાં યશસ્વી કામગીરી કરતી સ્થાનિક બહેનોનું જાહેરમાં બહુમાન કરવું. સ્થાનિક સંસ્થાઓ દા.ત. સહકારી મંડળી, ગ્રામ-પંચાયત, કેળવણી મંડળ અને બીજી સેવાઓ સંસ્થાઓનાં બહેનો મહત્વની કામગીરી સંભાળી શકે તે માટે વાતાવરણ તૈયાર કરવું.

૬. સ્ત્રીઓ ઉપર થતાં અત્યાચારો, દહેજપ્રથા, બાળલગ્ન, સ્ત્રીઓનું થતું શોષણ, વેતનમાં સ્ત્રીઓ પ્રત્યે રખાતા ભેદભાવ દૂર કરવા, સ્ત્રી જાગૃતિની પ્રવૃત્તિઓ સંગીન રીતે હાથ ધરવી.

૫. **સેવા પ્રવૃત્તિઓ :**

૧. સ્થાનિક સેવા સંસ્થાઓની મુલાકાત લેવી અને ત્યાંના અંતેવાસીઓને ઉપયોગી બનવું.

૨. વૃદ્ધાશ્રમ, બાળસુધાર ગૃહો, અપંગ સંસ્થાઓ અને મંદબુદ્ધિના લોકો સાથે કામ કરતી સંસ્થાઓની કામગીરીમાં મદદરૂપ બનવું.

૩. સાર્વજનિક દવાખાનાઓમાં બહારના અને અંદરના દર્દીઓને પુછપરછમાં મદદ કરવી. ગરીબ દર્દીઓને નિઃશુલ્ક દવા, સૂચિત ખોરાક મેળવવામાં મદદ કરવી. અંદરના દર્દીઓ માટે રમત-ગમત, મનોરંજન પ્રવૃત્તિઓ ગોઠવવી. સારવારમાં મદદરૂપ બને તે માટે રોગીઓ સમયસર દવા લે, સૂચનાઓનું પાલન કરે અને ઉપચારના પ્રયત્નોમાં જરૂરી સહકાર આપે તે માટે દર્દીઓને પ્રોત્સાહિત કરવા.

૪. શહેરી ઝૂંપડપટ્ટી, મજૂર વિસ્તારો અને ગ્રામીણ પ્રદેશોમાં રહેતા ગરીબી રેખાથી નીચેનું જીવન જીવતાં કુટુંબોને માન્ય લાભો મળે તે માટે યાદીમાં નામ મુકાવવું.

૫. ગરીબ કુટુંબના વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક સંસ્થાઓ, ધર્માદા સંસ્થાઓ અને દાન આપનારાઓ દ્વારા મદદ મળે તે માટે યાદીઓ તૈયાર કરવી.

૬. જોખમકારક વાતાવરણમાં અને અસહાય હાલતમાં રહેતા અનાથ બાળકો, ત્યક્તા સ્ત્રીઓ, બાળાઓને સંબંધિત સંસ્થાઓમાં દાખલ કરાવવામાં મદદ કરવી.

૭. ગરીબ કુટુંબનાં બાળકો પણ  બીજાં બાળકોની જેમ તહેવારો માણી શકે તે માટે દિવાળી કે હોળી જેવા તહેવારોમાં મદદ કરવા ઈચ્છુક વ્યક્તિઓ પાસેથી આવાં બાળકોને નવાં કપડાં, મીઠાઈ, ફટાકડા તથા અન્ય પ્રસંગોચિત વસ્તુઓની ભેટ અપાવવી.

## ૬. રાષ્ટ્રીય એકતા :

દેશ સંક્રામક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. દેશની એકતા, અસ્મિતા અને અખંડિતતાને નિહિત હિતો, અસામાજિક તત્ત્વો, ભાંગફોડિયાઓની વિઘટક પ્રવૃત્તિઓના કારણે ગંભીર નુકશાન થાય છે. ભારતની સંસ્કૃતિ અનેકતામાં એકતા,  સહઅસ્તિત્વ, ભાઈચારા, પ્રેમ, અરસપરસ વિશ્વાસ અને સહિષ્ણુતાની રહી છે અને રહેશે.

ભાષા, પ્રાંત, ધર્મ અને કોમના નામે છેલ્લા કેટલા સમયથી સમગ્ર દેશમાં વિઘટક તત્ત્વો હિંસક પ્રવૃત્તિઓ, ભાંગફોડ, કોમી રમખાણો, અનામત આંદોલન દ્વારા દેશને અસ્થિર અને ખંડિત કરવામાં કાર્યરત છે. વિદ્યાર્થી સ્વયંસેવકોએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા ટકી રહે તે માટે કમર કસીને નીચેના નક્કર કાર્યક્રમો હાથ ધરવા.

૧. અસામાજિક અને ભાંગફોડિયાં તત્ત્વોને ઉઘાડાં પાડવાં.

૨. સરકારી તંત્રને જયાં શક્ય હોય ત્યાં સચોટ માહિતી આપીને હિંસાખોરી, કોમી રમખાણોને અટકાવવામાં મદદરૂપ બનવું.

૩. અફવાઓ અટકાવવી.

૪. રમખાણો, હુલ્લડો અને હિંસક ઘટનાઓ વખતે સ્થળ ઉપર પહોંચીને પરિસ્થિતિને કાબૂમાં લાવવા સરકારી તંત્રને મદદરૂપ થવું. ભોગ બનેલા પરિવારો અને વ્યક્તિઓને સાંત્વના આપવી અને મદદ કરવી.

૫. રાષ્ટ્રીય એકતાની ભાવના વિકસે તે માટે સમૂહ ભોજનો, સાંસ્કૃતિક કાર્યક્રમો, એકબીજાના તહેવારો સાથે ઉજવણી અને કોમી એખલાસ વધે તે માટે મિલન કાર્યક્રમો યોજવા.

૬. એકતાના સંસ્કારોનું સિંચન થાય, જરૂરી ભાવાત્મક વાતાવરણ વિકસે તે માટે જાહેર માધ્યમો દ્વારા પ્રચાર–પ્રસાર, સંસ્કાર કાર્યક્રમો યોજવા અને લોકપ્રિય ગીતો, ભજનો, લોકનૃત્યો અને લોકગીતોનું સર્જન થાય તે માટે સાહિત્યકારો અને કલાકારોને પ્રોત્સાહિત કરવા.

## ૭. રાહતકાર્ય :

દુષ્કાળ, રેલ, ધરતીકંપ, રોગચાળો, ભૂખમરો જેવી કુદરતી આફતોના સમયે અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત પ્રવૃત્તિઓમાં મદદ કરવી. સ્વયંસેવક વિદ્યાર્થીઓ દ્વારા નીચેની પ્રવૃત્તિઓ કરી શકાય.

૧. કુદરતી આફતોથી અસરગ્રસ્ત વિસ્તારોમાં શ્રમ અને રાહત શિબિરો યોજવી.

૨. અસરગ્રસ્ત કુટુંબોને થયેલ નુકશાન માટે સરકારે જાહેર કરેલ આર્થિક સહાય મેળવવામાં મદદ કરવી. સહાય મેળવવાપાત્ર કુટુંબ રહી ન જાય તેની તકેદારી રાખવી.

૩. અનાજ, કપડાં અને દવાઓ ભેગાં કરીને અસરગ્રસ્ત લોકોને પહોંચાડવા અને વિસ્તરણ–વ્યવસ્થામાં મદદરૂપ બનવું.

૪. તબીબી સેવાઓ અસરકારક રીતે લોકોને સમયસર મળે તે માટે તબીબીની ટુકડીઓને સ્થળ ઉપર મદરૂપ બનવું.

૫. નાગરિક જીવન યથાવત ટકી રહે, કાયદો અને વ્યવસ્થા રાબેતા મુજબ જળવાઈ રહે તે માટે બનતી મદદ કરવી.

૬. અસરગ્રસ્ત લોકોમાં વિશ્વાસ પેદા થાય, બિનજરૂરી અફવાઓ ન ફેલાય અને લોકો સંગઠિત થઈને પરિસ્થિતિનો સામનો કરે તે માટે લોક સંપર્ક, મુલાકાતો યોજવાં, સંતપ્ત અને ભયગ્રસ્ત કુટુંબોને સાંત્વના આવી.

૭. સરકારી રાહતપ્રવૃત્તિઓ સક્ષમ રીતે કામ કરે તે માટે સતત સંબંધિત ખાતાઓ સાથે સંપર્કમાં રહેવું ને જરૂર જણાય ત્યારે પૂરક સેવાઓ આપીને સરકારના પ્રયાસોને સફળ બનાવવા.

## ૮. સંસ્થા સંચાલન અને વિકાસ યોજના માહિતી માર્ગદર્શન :

૧. સ્વયંસેવક વિદ્યાર્થીઓ જે વિસ્તારોમાં / સંસ્થાઓમાં પ્રત્યક્ષ કાર્ય કે વિશેષ શિબિરો કરતા હોય ત્યાં લોકો પોતાના પ્રશ્નોના ઉકેલ માટે સંગઠિત રીતે પ્રયત્નો કરે તે માટે, સ્થાનિક કક્ષાએ યુવક / મહિલા મંડળની રચના થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવું. મંડળોની રચના થયા બાદ બરાબર સંચાલન થાય તે માટે કારોબારીના સભ્યોને જરૂરી પ્રશિક્ષણ મેળવવામાં મદદ કરવી.

૨. મંડળો પોતાનો વહીવટ કાર્યક્ષમ રીતે કરી શકે તે માટે કાર્યાલય વ્યવસ્થા, હિસાબી વ્યવસ્થા, પત્રવ્યવહાર અને અહેવાલ – લેખન માટે કારોબારીના સભ્યોને તૈયાર કરવા.

૩. વિવિધ સરકારી, સહકારી સંસ્થાઓ દ્વારા પ્રેરિત સહાય કે વિકાસ યોજનાઓ અંગે મંડળોને માહિતગાર કરવા. યોજનાઓના લાભો લક્ષ્યાંક વસ્તીને મળે તે માટે પ્રયાસો કરવા અને સ્થાનિક મંડળોના પ્રતિનિધિઓની સમિતિ રચીને તે માટે સંગીન રીતે કામગીરી હાથ ધરવી.

**૯. ગ્રામ રોજગારી, ઉદ્યમરત વિકાસ અને સ્વરોજગારી પ્રેરક પ્રવૃત્તિઓ :**

પ્રત્યક્ષ કાર્યના વિસ્તારોમાં રોજગારીની તકો વધે, શિક્ષિત યુવકો પગાર–કેન્દ્રિત કારકિર્દીઓ કરતાં ઉદ્યમી (ઉદ્યમલક્ષી) સાહસો તરફ ધ્યાન કેન્દ્રિત કરે અને સ્વરોજગારીના સંસ્કારો વિકસે તે માટેનું વાતાવરણ ઊભું કરવું. નીચેની પ્રવૃત્તિઓ ઉપયોગી નીવડશે.

૧. ઉદ્યમી અને સ્વરોજગારી પ્રશિક્ષણ આપતી સંસ્થાઓ, અભ્યાસક્રમો અંગે યુવકોને માહિતગાર કરવા.

૨. શિક્ષિત યુવક ભાઈ–બહેનોમાં સ્વરોજગારી અને ઉદ્યમ માટે અનુરાગ જાગે, તેઓ વિવિધ ઉદ્યમી સાહસો માટે વિચારતા થાય અને સક્રિય બને તે માટે શાળા / મહાશાળાના શિક્ષણ દરમિયાન અપેક્ષિત મૂલ્યો અને મહત્વાકાંક્ષાઓનું સિંચન કરવું.

૩. ઉદ્યમી સાહસો અને સ્વરોજગારી માટે સરકારની આર્થિક સહાય, ઉદ્યોગ પરામર્શ અને બીજી જરૂરી મદદ આપતી સંસ્થાઓની માહિતી આપવી. પ્રસ્તુત યોજનાઓ અન્વયે કયા લાભો અને કઈ રીતે મળે તે માટે વિસ્તારોમાં સંબંધિત સંસ્થાઓના તજજ્ઞોને આમંત્રિત કરી માર્ગદર્શન અપાવવું.

૪. સ્થાનિક કક્ષાએ સ્વરોજગારી અને ઉદ્યમી સાહસોમાં કામ કરતી વ્યક્તિઓને પ્રોત્સાહિત કરવી. જાહેર પ્રચારનાં માધ્યમો દ્વારા લોકો સુધી સમાચાર અને ચિઠ્ઠીઓ પહોંચતી કરવી.

**૧૦. કાનૂની સાક્ષરતા :**

રોજિંદા જીવનમાં વ્યક્તિ માટે કેટલાક કાયદાઓની સામાન્ય માહિતી હોવી જરૂરી બને છે. કમનસીબે મોટા ભાગના લોકો આપણા કાયદાઓ અંગે અજાણ હોય છે. કાનૂની નિરક્ષરતાના કારણે બિનજરૂરી મૂંઝવણ અને શોષણનો ભોગ બને છે. દા.ત. ૭/૧૨નો ઉતારો, પાણીપત્રક, સંપત્તિવેરો, વાહનવેરો, આવકવેરો, બાળલગ્ન, દહેજનાબૂદી, હિન્દુ લગ્ન, સંપત્તિ વેચાણ, માલિકીનું હસ્તાંતરણ આદિ.

સાદી–સરળ ભાષામાં માહિતીપત્રિકાઓ, જાહેર માધ્યમો, દૃશ્ય–શ્રાવ્ય પદ્ધતિઓ, વ્યાખ્યાન, ચર્ચાસભાઓ દ્વારા લોકોમાં કાનૂની સાક્ષરતા વધે તે માટે પ્રયત્ન કરવા.

બીજી અનેક સમાજમૂલક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો કરી શકે છે.

# યુવા ધર્મ

ઝવેરચંદ મેઘાણીના શબ્દોમાં :

ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠેલ ભોમ પર યૌવન માંડે આંખ.

દેશ યુવકો માટે શું કરે છે તેથી વિશેષ અગત્યની બાબત યુવકો દેશ માટે શું કરી શકે તે છે. કોઈપણ સમાજનું ઘડતર તેની શાળાઓ અને મહાવિદ્યાલયોમાં થાય છે.

વિશ્વના દરેક ક્રાંતિકારી પરિવર્તનોમાં યુવકોએ મોખરાની ભૂમિકા ભજવી છે. ૧૮૮૫ થી ૧૯૪૭ સુધી વિદેશી શાસનમાંથી મુક્તિ મેળવવાની લડતોમાં ભારતના યુવકો મોખરે રહ્યાં હતાં. મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા ભેખધારી આગેવાનોના નેતૃત્વ હેઠળ હજારો યુવાનો તેમનું સર્વસ્વ હોમી દેવા તૈયાર થયા હતાં. યુવાનો પોતાની કારકિર્દી અને પરિવારનો ત્યાગ કરી દેશનાં ઊંડાણના પ્રદેશોમાં પ્રજા વચ્ચે જઈને બેઠા અને શિબિરોમાં જોડાયા. ૧૯૪૭માં દેશ આઝાદ થયો. સ્વરાજ મળ્યું પણ સામાજિક અને આર્થિક ક્ષેત્રે પાયાનું પરિવર્તન કરવાનું ભગીરથ કાર્ય હજી બાકી હતું. મહાત્મા ગાંધીના માર્ગદર્શન હેઠળ આઝાદીના કેટલાક યુવાનોએ મુકસેવકનું વ્રત લઈને દેશના પછાત વિસ્તારોની સેવા માટે તેમનું જીવન સમર્પ્યું.

આવી મહાન પરંપરાના વારસો તરીકે આજની યુવાન પેઢી શ્રમ પ્રત્યેની સુગને દૂર કરી મક્કમતાથી એકલા હાથ પણ આટલું તો અચૂક કરી શકે.

૧. સ્વાશ્રયી અને નિયમિત સમયપાલનની જીવનશૈલી કેળવવી.

૨. નિયમિત બચતની ટેવ પાડવી.

૩. સર્વધર્મ સમભાવની ભાવના કેળવવી.

૪. પ્રતિવર્ષ એક વૃક્ષ વાવવું, તેનો બરાબર ઉછેર કરવો.

૫. દર વરસે એક કુટુંબને નિરક્ષરતા મુક્ત કરવું.

૬. જાહેર સ્વચ્છતાની કાળજી રાખવી.

૭. ગામના વિકાસની તમામ પ્રવૃત્તિઓમાં સહભાગિતા કેળવવી.

તમે, હું અને આપણે સહુ આ સહેલાઈથી કરી શકીએ કે નહીં ? તો આજે જ મનમાં સંકલ્પ કરીએ કે બીજા શું કરે છે એની ચિંતા કર્યા કરતાં સહુ પોતાના રોજબરોજના જીવનમાં તેમના સંકલ્પોનો અમલ કરવા માંડીએ તો બીજા યુવકો પ્રેરિત થઈ આપણી જેમ જ સંકલ્પથી પ્રેરણા લેશે.

# દૈનિક નોંધ

માસ :            –૨૦            પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

કર્મ એ જીવન માટે આવશ્યક છે.

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ☐ દ્વિતીય વર્ષ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

બીજા સાથે હળીમળીને કામ કરવાની શક્તિ એ જ ખરી કસોટી છે. – ડૉ. રાધાકૃષ્ણન્

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ☐ દ્વિતીય વર્ષ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

માણસના અંતઃકરણને જે માનવતાભર્યું બનાવે તે જ સાચી સંસ્કૃતિ. – નાનાભાઈ ભટ્ટ

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

કોઈપણ સમાજની ગૃહરચના જોઈને સમાજની મનોરચના પારખી શકાય છે. – કાકા કાલેલકર

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ☐ દ્વિતીય વર્ષ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

માતાઓ જો જાગ્રત હશે તો બાળકમાં આપણી સંસ્કૃતિના સંસ્કાર સિંચાયા જ કરશે. – સ્વામી સચ્ચિદાનંદજી

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

વૃક્ષો આકાશમાં લખાયેલી કવિતા છે. – ખલિલ જિબ્રાન

# દૈનિક નોંધ

માસ :  –૨૦  પ્રથમ વર્ષ☐ દ્વિતીય વર્ષ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

તારે તે તરુણ. – વિનોબા

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ☐ દ્વિતીય વર્ષ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

દરેક દેશમાં સ્વતંત્રતા યુવાનોએ મેળવેલી છે અને ભવિષ્યના યુવાનોને આપેલી છે. – સરદાર વલ્લભભાઈ

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ☐ દ્વિતીય વર્ષ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

કોઈપણ કાર્ય સહેલું થાય એ પહેલા અઘરું હોય છે.

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ☐ દ્વિતીય વર્ષ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

સ્વયંસેવક લોકોને ગામડાંને સાફ અને સ્વાવલંબી કરવાનો ધર્મ શીખવે. – ગાંધીજી

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ☐ દ્વિતીય વર્ષ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

કેળવણી ઉદ્યોગ, તંદુરસ્તી, ભણતર અને કળાનું મિશ્રણ છે. – ગાંધીજી

# દૈનિક નોંધ

માસ :                    –૨૦                                    પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

પ્રાર્થનાથી માણસની સૂક્ષ્મ શક્તિઓ સહેલાઈથી જાગ્રત કરી શકાય છે.

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ☐ દ્વિતીય વર્ષ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

જો તમે તમારી જાતને દુર્બળ માનશો તો તમે દુબળ બનશો, જો તમે પોતાને સબળ માનશો તો તમે સબળ બનશો.

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

સત્યને પહોંચવા નિરંતર સત્ય આચર્યે છૂટકો. – ગાંધીજી

# દૈનિક નોંધ

માસ : –૨૦ પ્રથમ વર્ષ☐ દ્વિતીય વર્ષ☐ તૃતિય વર્ષ ☐

| તારીખ | સમય | પ્રત્યક્ષ કાર્ય વિસ્તાર / સંસ્થા | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

જે કાંઈ શક્તિ અને સહાય તમારે જોઈએ તે તમારી પોતાની અંદર જ છે.

# શિબિર માર્ગદર્શિકા

સમયબદ્ધ અને શિસ્તબદ્ધ રીતે વિદ્યાર્થીઓ કે કાર્યકરોને પ્રશિક્ષિત કરવા શિબિર તાલીમ ખૂબ જ અસરકારક પ્રવૃત્તિ છે. અનુભવી આયોજકો અને સંચાલકોનાં નિરીક્ષણ અને માર્ગદર્શન હેઠળ વિસ્તાર વિશેષમાં રા.સે.યો. વિદ્યાર્થી સ્વયંસેવકો નિશ્ચિત સમયગાળા દરમિયાન રહીને નક્કી કરેલાં લક્ષ્યાંકોની સિદ્ધિ માટે સામૂહિક રીતે સંનિષ્ઠ પ્રયત્ન કરતા હોય છે.

શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓનાં ચારિત્ર્યઘડતર, સમાજમૂલક અને સમૂહ જીવનલક્ષી કૌશલ્ય કેળવણી માટે વિવિધ પ્રકારની શિબિરો દા.ત., જ્ઞાન, વાંચન, મૌન, યોગ, લેખન, આધ્યાત્મિક પ્રખરતા શોધ, શ્રમસેવા, રાહતકાર્ય, સાક્ષરતા, પર્યાવરણ શિક્ષણ અને સાહસ શિબિરોનું આયોજન કરતી હોય છે.

રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ દર વર્ષે રાષ્ટ્રના કોઈ પ્રાણપ્રશ્નને કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થી સ્વયંસેવકો માટે શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

શિબિરમાં ભાગ લેનારાઓ માટે જીવનનું સંભારણું બની રહે, કૌશલ્ય અને જ્ઞાનવર્ધક, પ્રેરક અને હેતુલક્ષી નીવડે તે માટે શિબિરનું સફળ આયોજન અને અસરકારક સંચાલન મહત્ત્વનું બની રહે છે.

**૧. સ્થળની પસંદગી**

૧. લઘુત્તમ જરૂરી ભૌતિક સગવડો મળી રહે અને આગામી ૪–૫ વર્ષ દરમિયાન સઘન વિકાસાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય તે હેતુસર બને ત્યાં સુધી શિબિર માટે મહાવિદ્યાલયની નજીકનાં નાનાં અને પછાત ગામો પસંદ કરવાં.

૨. મહાવિદ્યાલયના સંયોજક, રા.સે.યો. કાર્યક્રમ અધિકારી, શિબિર સંચાલક અને ૧–૨ અધ્યાપકોની પેટાસમિતિઓએ શિબિર માટે સંભવિત ગામોની મુલાકાત લેવી. શિબિરની તારીખના ૩–૪ મહિના પહેલાં ગામોની પસંદગીનું કામ પુરું કરવું.

**૨. પૂર્વ તૈયારી**

શિબિર યોજાય તે પહેલાં કેટલીક પૂર્વ તૈયારીઓ જરૂરી છે.

૧. હેતુલક્ષી સર્વેક્ષણ કાર્ય કરવું. દા.ત. સાક્ષરતા શિબિર માટે ૧૫–૩૫ વય જૂથનાં નિરક્ષર ભાઈ–બહેનો, ૯ થી ૧૪ વર્ષના નિરક્ષરો અને ૫ વર્ષથી ઉપરના નિશાળે ન જતાં બાળકોનાં નામની યાદીઓ તૈયાર કરવી.

૨. શિબિર દરમિયાન હાથ ધરવાની સંભવિત ગ્રામપયોગી પ્રવૃત્તિઓનું આયોજન સ્થાનિક સ્થાનિક લોકોને સાથે રાખીને કરવું.

૩. મહાવિદ્યાલયને પૂર્વતૈયારીમાં સ્થાનિક આગેવાનોને સંસ્થાઓ મદદરૂપ થાય તે માટે તેમના પ્રતિનિધિઓની એક સમિતિ રચવી. આ સમિતિ શિબિર–સંપર્ક માટે કામ કરશે.

૪. કોરા વાઉચર, રેવન્યુ સ્ટેમ્પ્સ અને બીજી જરૂરી સ્ટેશનરી તૈયાર રાખવી. સ્થાનિક આગેવાનો અને સંસ્થાઓ સાથે સતત સંપર્કમાં રહેવું. શિબિરમાં જરૂરી સાથ–સહકાર મળી રહે તે માટે વિશ્વાસ સંપાદન કરવો.

૫. શિબિરની પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ સમય માટે જોડાઈ શકે તે માટે સ્થાનિક યુવક ભાઈ–બહેનોને તૈયાર કરવાં.

૬. ઉદ્‌ઘાટન અને પૂર્ણાહુતિ માટે મહેમાનો નક્કી કરવા અને બીજા આમંત્રિતોને જાણ કરવી.

**૩. લોક સંપર્ક - મુલાકાત**

શિબિર માટે નક્કી કરવામાં આવેલાં ગામોમાં શિબિર યોજાય તે પહેલાં અધ્યાપકોનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ટુકડીઓમાં ૩–૪ એક દિવસીય લોકસંપર્ક મુલાકાતો યોજવી.

**૪. ભૌતિક વ્યવસ્થા**

૧. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે નિવાસ

૨. રસોડું અને કઠોર : રસોઈનાં સાધનો અને રસોઈયાની વ્યવસ્થા

૩. પીવા, નાહવા અને રસોઈ માટેનાં પાણીની વ્યવસ્થા

૪. જો પાકા જાજરૂ અને મુતરડી ન હોય તો કાચાની સગવડ કરવી.

૫. તાલીમ ખંડ, સભાગૃહ અને શિબિર કાર્યાલયની વ્યવસ્થા

૬. ગામમાં વીજળી ના હોય તો લાલટેન, પેટ્રોમેક્સ અથવા બીજી વૈકલ્પિક વ્યવસ્થા કરવી.

**૫. ગ્રામોપયોગી સરકારી યોજનાઓ**

શિબિર નિમિત્તે જિલ્લાકક્ષાની વિવિધ વિકાસ યોજનાઓ દા.ત., વૃક્ષારોપણ, નિર્ધૂમ ચૂલા, ચોકડી, શોષખાડા, ખાતારના ખાડા, પાણીબંધ શૌચાલય, આહારપોષણ, કૃષિ–વિસ્તરણ, ગ્રામરોજગાર, બિનપારંપરિક ઊર્જા સાધનો, આરોગ્યતપાસનો લાભ ગામને મળે તે માટે સંબંધિત ખાતાઓનો સંપર્ક કરવો અને સ્થાનિક લોકોને સાથે રાખી નક્કર કાર્યક્રમ ઘડવો.

૧. મહેમાનો વક્તાઓનાં નામો નક્કી કરવાં, સંમતિ મેળવવી અને જરૂરી માહિતી મોકલવી.

**૬. શિબિર-પરિચય બેઠક**

વિદ્યાર્થીઓ શિબિર માટે જરૂરી તૈયારીઓ કરી શકે અને શિબિર દરમિયાન પોતાની પ્રતિભાઓ અને જ્ઞાનનો મહત્તમ ઉપયોગ કરે તે માટે શિબિર પૂર્વે વિદ્યાર્થીઓ માટે પરિચય બેઠકો યોજવી. પ્રસ્તુત પરિચય બેઠકોમાં વિદ્યાર્થીઓને અપેક્ષિત કામગીરી, સમયપત્રક અને શિબિર–કાર્યક્રમ અંગે સચોટ માર્ગદર્શન આપવું અપેક્ષિત છે.

૧. મહાવિદ્યાલયથી શિબિર સ્થળ સુધી વિદ્યાર્થીઓ, સાધનો અને માલસામાન લાવવા અને લઈ જવા માટે વાહન વ્યવસ્થા.

## ૭. અંદાજિત ખર્ચપત્રક

૭ દિવસીય શિબિર માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૩૦૦ની મર્યાદામાં રહીને (નિવાસ, ભોજન, ભાડું અને બીજા પરચૂરણ ખર્ચાઓ) કરકસરયુક્ત ખર્ચ અંદાજપત્રક તૈયાર કરવું. ઓછા ખર્ચે ઉત્તમ વ્યવસ્થા કેવી રીતે કરવી તેનો પ્રત્યક્ષ અનુભવ મળી રહે તે રીતે ગોઠવવું. જરૂરી નાણાંની વ્યવસ્થા કરવી.

## ૮. સંભવિત પ્રોજેક્ટ

શિબિરની નક્કર ફલશ્રુતી થાય તે માટે પ્રાથમિકતાના ધોરણે ગ્રામોપયોગી પ્રોજેક્ટો નક્કી કરવા. આને માટે તલસ્પર્શી આયોજન કરવું. દા.ત. સાક્ષરતા પ્રોજેક્ટ, શ્રમદાન પ્રોજેક્ટ, સર્વેક્ષણનું પ્રોજેક્ટ, આહારપોષણ પ્રચાર–પ્રસાર પ્રોજેક્ટ, મહિલા મંડળ અને યુવક મંડળની રચના કરવાનું પ્રોજેક્ટ, રક્તદાન, સ્વચ્છ ઘર, સ્વચ્છ ગામ, સ્વસ્થ બાળક હરીફાઈ વિસ્તરણ કાર્ય–પ્રોજેક્ટ.

## ૯. કાર્ય સમિતિઓ

વિદ્યાર્થીઓને શિબિર આયોજન અને સંચાલનનો પ્રત્યક્ષ અનુભવ મળે તે હેતુસર શિબિર સંચાલકની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓમાંની વિવિધ કાર્યસમિતિઓની રચના કરવી. દરેક સમિતિ અને ૧–૨ અધ્યાપકોને જોડવા સમિતિના વિદ્યાર્થી–સભ્યોમાંથી મંત્રીની પસંદગી કરવી. જરૂરિયાત પ્રમાણે નીચે મુજબની સમિતિઓની રચના કરી શકાય.

| સમિતિ-ગૃપ | જવાબદારી | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| મુખ્ય સમિતિ | જનરલ લીડર, સહ જનરલ લીડર | ૨ |
| રસોડા સમિતી | રસોઈ મંત્રી, સહ રસોઈ મંત્રી | ૨ |
| ખરીદી અને કોઠાર સમિતિ | ખરીદી મંત્રી, સહ ખરીદી મંત્રી | ૨ |
| સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ | સાંસ્કૃતિક મંત્રી, સહ સાંસ્કૃતિક મંત્રી | ૨ |
| હિસાબ સમિતિ | હિસાબ મંત્રી, સહ હિસાબી મંત્રી | ૨ |
| ગૃપ–૧ | ડે લીડર (જેતે દિવસ માટે) | ૮–૧૦ |
| ગૃપ–૨ | ડે લીડર (જેતે દિવસ માટે) | ૮–૧૦ |
| ગૃપ–૩ | ડે લીડર (જેતે દિવસ માટે) | ૮–૧૦ |
| ગૃપ–૪ | ડે લીડર (જે તે દિવસ માટે) | ૮–૧૦ |
| ગૃપ–૫ | ડે લીડર (જે તે દિવસ માટે) | ૮–૧૦ |
| ગૃપ–૬–ઉપરની સમિતિઓનું ગૃપ | | |

નોંધ : ગૃપ–૧ થી ૫ ને દરરોજ વારાફરતી અલગ અલગ કામોની સોપવા. દરરોજ ડે લીડર બદલવા. કોઠાર સમિતિએ સારા પુસ્તકો સાથે રાખવા. ગૃપ ૧ થી ૬ના નામ આપવા જેવા કે, જળ, જમીન, હવા, ઉર્જા, આકાશ વગેરે.

## ૧૦. શિબિર કાર્યક્રમ

વિદ્યાર્થીઓને જીવનપયોગી શિક્ષણ મળે, ગ્રામકક્ષાએ લોકો સાથે કામ કરવાનો પ્રત્યક્ષ અનુભવ મળે અને તેમનાં જ્ઞાન અને કાર્યકૌશલ્યમાં અપેક્ષિત વધારો થાય, શિબિરના સમયનો મહત્તમ ઉપયોગ થાય તે રીતે શિબિર માટે હેતુલક્ષી કાર્યક્રમ ઘડવો. શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને નૈતિક વિકાસની તકો મળે તે માટે અભ્યાસક્રમમાં વિવિધ પ્રવૃત્તિઓ માટે કામના કલાકોનું આયોજન નીચે પ્રમાણે કરી શકાય.

કુલ દિવસો : ૭, કામના કલાક – ૧૨૦

### શિબિર સમયપત્રક

| | |
|---|---|
| ૫–૩૦ | સવારે ઉત્થાન |
| ૫–૪૫ થી ૬–૦૦ | પ્રાર્થના / પ્રભાતફેરી |
| ૬–૦૦ થી ૬–૩૦ | શૌચાદિ |
| ૬–૩૦ થી ૭–૧૫ | કસરત / યોગ |
| ૭–૧૫ થી ૮–૧૫ | શ્રમદાન |
| ૮–૧૫ થી ૯–૦૦ | ચા–નાસ્તો |
| ૯–૦૦ થી ૧૨–૦૦ | પ્રોજેક્ટ કાર્ય–૧ |
| ૧૨–૦૦ થી ૨–૩૦ | ભોજન–વિશ્રાંતિ |
| ૨–૩૦ થી ૫–૦૦ | પ્રોજેક્ટ કાર્ય–૨ |
| ૫–૦૦ થી ૭–૦૦ | લોકસંપર્ક / રમતગમત |
| ૭–૦૦ થી ૮–૦૦ | ભોજન |
| ૮–૦૦ થી ૧૦–૦૦ | રાત્રી કાર્યક્રમ |
| ૧૦–૦૦ થી ૧૦–૧૫ | અનુભવ કથન તથા આગામી દિનના આયોજનની ચર્ચા |
| ૧૦–૩૦ થી ૧૦–૪૫ | રોજનીશી લેખન |
| ૧૧–૦૦ | શયન |

### શિબિર સમીક્ષા

દિવસના અંતે શિબિર પ્રવૃત્તિની સમીક્ષા કરવા અને આગલા દિવસની પ્રવૃત્તિનું આયોજન કરવા સમીક્ષા સમિતિની બેઠક રાખવી. જેમાં શિબિર સંચાલક, અધ્યાપકો, સમિતિ મંત્રીઓ અને ૨–૩ સ્થાનિક પ્રતિનિધિઓ ભાગ લેશે. દરેક સમિતિ મંત્રી પોતાની સમિતિની કામગીરીનો અહેવાલ રજૂ કરશે.

## તાલીમ પદ્ધતિ

વિદ્યાર્થીઓને દરેક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવાની તક મળે, પોતાના વિચારો અને અનુભવોની મુક્તપણે અભિવ્યક્તિ કરી શકે, પ્રત્યક્ષ કાર્ય દ્વારા વ્યાવહારિક જ્ઞાન અને કૌશલ્ય કેળવે તે માટે સમૂહ ભાગીદારીની પ્રેરક પદ્ધતિઓના ઉપયોગ માટે આગ્રહ રાખવો. દા.ત. જૂથચર્ચા, પ્રશ્નોત્તરી, પ્રોજેક્ટ કાર્ય, સર્વેક્ષણની મુલાકાત નિદર્શન, દૃશ્ય–શ્રાવ્ય સાધનો દ્વારા રજૂઆત, કાર્યસમિતિઓ, લોકસંપર્ક, કૌશલ્યો, બૌદ્ધિક કસોટીઓ, સંસ્કાર કાર્યક્રમો, સર્જનાત્મક લેખન–વાચન, અહેવાલ લેખન અને મૂલ્યાંકન ઈત્યાદિ. ૮૦ ટકા સમય પ્રાયોગિક અને શિબિરની પ્રત્યક્ષ પ્રવૃત્તિઓ માટે અને ૨૦ ટકા સમય બૌદ્ધીક પ્રવૃત્તિઓ માટે ફાળવવો.

## સંસ્કાર કાર્યક્રમો

શિબિર દરમિયાન સંસ્કાર કાર્યક્રમો દ્વારા સ્થાનિક લોકો સાથે નિકટતા કેળવાય. કાર્યક્રમો શિબિરના પરિસર અને વાસ–મહોલ્લાઓમાં યોજી શકાય. સાંજે જયાં સંસ્કાર કાર્યક્રમ કરવાના હોય તે વાસ–મહોલ્લામાં જાહેર સફાઈ, બીજી રચનાત્મક પ્રવૃતિ દિવસ દરમિયાન કરવી.

સંસ્કાર પ્રવૃત્તિ અને શ્રમદાન કાર્યમાં સ્થાનિક લોકો જોડાય તે માટે યથાયોગ્ય પ્રયત્ન કરવા.

## એન.એસ.એસ. ગીત અને ત્રણ તાલી

- દરેક કાર્યક્રમ પહેલા એન.એસ.એસ.ગીત અથવા ઉત્સાહ વર્ધક ગીતનો અભ્યાસ અવસ્ય કરાવવો.
- વિદ્યાર્થીઓને લયબદ્ધ એન.એસ.એસ. ત્રણ તાલીનો અભ્યાસ કરાવવો.
- કાર્યક્રમ દરમ્યાન પણ એન.એસ.એસ. ત્રણ તાલીનો ઉપયોગ કરવો.
- સારું કાર્ય કરનાર સ્વયંસેવકને ત્રણ તાલીનું સન્માન આપવું.

## અનુકાર્ય

શિબિર દરમિયાન પ્રાપ્ત સિદ્ધિઓ અને શરૂ કરેલ પ્રવૃત્તિઓ શિબિર બાદ પણ ચાલુ રહે તે માટે અનુકાર્યની પૂરતી વ્યવસ્થા કરવી.

અનુકાર્યની મુખ્ય જવાબદારી શિબિરમાં સંપૂર્ણ સમય માટે જોડાયેલ સ્થાનિક યુવકોને સોંપવી. સ્થાનિક સંસ્થાઓ અને આગેવાનોને નિરીક્ષણની જવાબદારી સોંપવી.

ગ્રામ પંચાયત અનુકાર્યમાં નોંધપાત્ર જવાબદારી સ્વીકારે તે માટે જરૂરી પ્રયત્ન કરવા.

મહાવિદ્યાલયના વિદ્યાર્થી સ્વયંસેવકો અનુકાર્ય મુલાકાત યોજે તે અપેક્ષિત છે. રા.સે.યો. એકમ સંબંધિત ગામો સાથે સંપર્કમાં રહે તે રીતે વ્યવસ્થા કરવી.

શિબિર સ્થળ :

## વાર્ષિક ખાસ શિબિર સમયપત્રક તા. થી તા.

| સમય | દિન ચર્યા | દિવસ-૧ | દિવસ-૨ | દિવસ-3 | દિવસ-૪ | દિવસ-૫ | દિવસ-૬ | દિવસ-૭ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | તા. | તા. | તા. | તા. | તા. | તા. | તા. |
| ૫–૪૫ થી ૬–૦૦ | પ્રાર્થના / પ્રભાતફેરી | હા/ના | હા/ના | હા/ના | હા/ના | હા/ના | હા/ના | હા/ના |
| ૬–૩૦ થી ૭–૧૫ | કસરત / યોગ | હા/ના | હા/ના | હા/ના | હા/ના | હા/ના | હા/ના | હા/ના |
| ૯–૦૦ થી ૧૨–૦૦ | પ્રોજેક્ટ કાર્ય–૧ (વિગત લખવી) | | | | | | | |
| ૨–૩૦ થી ૫–૦૦ | પ્રોજેક્ટ કાર્ય–૨ (વિગત લખવી) | | | | | | | |
| ૫–૦૦ થી ૭–૦૦ | લોકસંપર્ક / રમતગમત | | | | | | | |
| ૮–૦૦ થી ૧૦–૦૦ | રાત્રી કાર્યક્રમ (વિગત લખવી) | | | | | | | |
| ૧૦–૦૦ થી ૧૦–૧૫ | અનુભવ કથન તથા આગામી દિનના આયોજનની ચર્ચા | હા/ના | હા/ના | હા/ના | હા/ના | હા/ના | હા/ના | હા/ના |

# વાર્ષિક ખાસ શિબિર

**પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐**

**શિબિર સ્થળ :** **ગ્રૂપ / સમિતિનું નામ :**

**તા. – – ૨૦ થી તા. – – ૨૦**

| તારીખ | સ્થળ | સમય | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| | | | |
| **અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી :** | | | |

**જુવાનોને મારી સલાહ છે કે તેઓ ગામડાંને વધારે વસવાલાયક ને વધારે આકર્ષક બનાવે – ગાંધીજી**

# વાર્ષિક ખાસ શિબિર

## પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐

શિબિર સ્થળ : ગ્રૂપ / સમિતિનું નામ :

તા. – – ૨૦ થી તા. – – ૨૦

| તારીખ | સ્થળ | સમય | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

સરસ શરૂઆત કાર્ય પછી જો તમે હતાશ થાઓ તો તમે મુર્ખ છો.

# વાર્ષિક ખાસ શિબિર

## પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐

શિબિર સ્થળ :                                   ગ્રૂપ / સમિતિનું નામ :

તા.    –    – ૨૦    થી તા.    –    – ૨૦

| તારીખ | સ્થળ | સમય | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

મહાપુરૂષોમાં સંકલ્પ હોય છે, સાધારણ લોકોમાં ઈચ્છાઓ.

# વાર્ષિક ખાસ શિબિર

પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐

શિબિર સ્થળ : ગ્રૂપ / સમિતિનું નામ :

તા. – – ૨૦ થી તા. – – ૨૦

| તારીખ | સ્થળ | સમય | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

ઈચ્છાશક્તિ દ્વારા જ સઘળું કાર્ય સિદ્ધિ થઈ શકશે.

# વાર્ષિક ખાસ શિબિર

**પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐**

**શિબિર સ્થળ :** **ગ્રૂપ / સમિતિનું નામ :**

**તા. – – ૨૦ થી તા. – – ૨૦**

| તારીખ | સ્થળ | સમય | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

**તમારી જાતને શુદ્ધ કરો એટલે જગત પણ શુદ્ધ થવાનું છે.**

# વાર્ષિક ખાસ શિબિર

પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐

શિબિર સ્થળ : ગ્રૂપ / સમિતિનું નામ :

તા. – – ૨૦ થી તા. – – ૨૦

| તારીખ | સ્થળ | સમય | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

પરાધીનતા દુ:ખ છે સ્વાધીનતા સુખ છે.

# વાર્ષિક ખાસ શિબિર

પ્રથમ વર્ષ ☐ દ્વિતીય વર્ષ ☐ તૃતિય વર્ષ ☐

શિબિર સ્થળ : ગ્રૂપ / સમિતિનું નામ :

તા. – – ૨૦ થી તા. – – ૨૦

| તારીખ | સ્થળ | સમય | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| | | | |
| અધ્યાપક/પ્રોગ્રામ ઓફિસરની સહી : | | | |

બને તેટલું ઉત્તમ કાર્ય કરો

# કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

## રાષ્ટ્રીય સેવા યોજના

## વિદ્યાર્થી સ્વમૂલ્યાંકન

૧. નામ :

૨. વર્ષ દરમિયાન કોલેજ/પોલીટેકનીક કક્ષાએ ગોઠવવામાં આવેલ બૌદ્ધિક અને નિદર્શન બેઠકો કઈ રીતે ઉપયોગી નીવડી ?

(ચિંતન, દૃષ્ટિ, માહિતી, જ્ઞાન, પ્રશ્નોની સમીક્ષા, પ્રશ્નોના ઉકેલની દિશામાં)

૩. નિયમિત પ્રવૃત્તિઓમાં તમારી :

- સિદ્ધિઓ

- નિષ્ફળતાઓ

૪. વર્ષ દરમ્યાન ભાગ લીધેલ શિબિરો અને બીજા વિશેષ કાર્યક્રમોની વિગતો.

| ક્રમ | શિબિર/કાર્યક્રમ | તારીખ | સમય | મુખ્ય કામગીરી |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |
| ૬. | | | | |
| ૭. | | | | |
| ૮. | | | | |

૫. રાષ્ટ્રીય સેવા યોજનાની નિયમિત અને વિશેષ શિબિરો અને કાર્યક્રમ કઈ રીતે ઉપયોગી નીવડ્યા (✓ નિશાની કરવી.) ? :

- નિયમિતતા ( )
- શિસ્ત ( )
- અભિવ્યક્તિ ( )
- પારસ્પરિક સંબંધો ( )
- નેતૃત્વ ( )
- સેવાભાવના ( )
- જવાબદારીની સભાનતા ( )
- આવડત ( )
- આયોજન અને સંચાલન ( )

૬. સમગ્ર કામગીરીને આધારે પોતાની મુલવણી કરો :

- કામ / શિસ્ત અસંતોષકારક ( )
- કામગીરી / શિસ્ત સંતોષકારક ( )
- આચારસંહિતા અને નિયમોની ગંભીર નોંધ લીધી પણ અમલમાં મૂકી ન શક્યો ( )
- મધ્યમ કક્ષાની કામગીરી / શિસ્ત ( )
- શ્રેષ્ઠ કામગીરી / શિસ્ત

તા. – – ૨૦ વિદ્યાર્થીની સહી ——————————

**પ્રોગ્રામ ઓફિસની નોંધ :**

——————————

પ્રોગ્રામ ઓફિસરની સહી

આ અંત નથી... પણ શરૂઆતનો અંત છે.

# રાષ્ટ્રીય સેવા યોજના "સમૂહગીતો"

(૧) હમ હોંગે કામિયાબ, હમ હોંગે કામિયાબ, એક દિન...

હો હો મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ... હમ હોંગે...

હમ ચલેંગે સાથ-સાથ, ડાલ કે હાથોં મેં હાથ,

હમ ચલેંગે સાથ-સાથ એક દિન....

હો હો મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ... હમ હોંગે...

હોગી શાંતિ ચારોં ઓર... (૨)

હોગી શાંતિ ચારોં ઓર એક દિન...

હો હો મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ... હમ હોંગે...

હમેં સત્ય મુક્ત કરેગા... (૨) હમેં સત્ય મુક્ત કરેગા એક દિન...

હો હો મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ... હમ હોંગે...

નહીં ડર કિસી કા આજ... (૨) નહીં ડર કિસી કા આજ એક દિન...

હો હો મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ... હમ હોંગે...

(૨) જીવન અંજલિ થાજો

જીવન અંજલિ થાજો, મારૂં જીવન અંજલિ થાજો ! (ટેક)

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો,

દીન-દુખિયાં આંસું લ્હોતાં અંતર કદી ન ધરાજો !

મારૂં જીવન...૧

સત્‌ની કાંટાળી કેડી પર, પુષ્પ બની પથરાજો,

ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !

મારૂં જીવન...૨

વણથાક્યાં ચરણો મારાં નિત, તારી સમીપે ધાજો,

હૈયાના પ્રત્યેક સ્પન્દને તારું નામ રટાજો !

મારૂં જીવન...૩

(૩) वंन्दे मातरम्

सुजलां सुफलाम्
मलयजशीतलाम्
शस्यशामलाम्
मातरम् ।

शुभ्रज्योत्स्नापुलकितयामिनीम्
फुल्लकुसुमितद्रुमदलशोभिनीम्
सुहासिनी सुमधुर भाषिणीम्
सुखदां वरदां मातरम् ।।१।। वन्दे मातरम् ।

सत्प-कोटि-कण्ठ-कल-कलनिनाद-कराले
द्विसप्त-कोटि-भुजैर्धृत-खरकरवाले,
अबला केन मा एत बले ।
बहुबलधारिणीं नमामि तारिणीं
रिपुदलवारिणीं मातरम् ।।२।।
वन्दे मातरम् ।
तुमि विद्या, तुमि धर्म
तुमि हृदि, तुमि मर्म
त्वम् हि प्राणाः शरीरे
बाहुते तुममि मा शक्ति,
हृदये तुमि मा भक्ति,
तोमारई प्रतिमा गडि
मन्दिरे-मन्दिरे ।

त्वम् हि दुर्गा दशप्रहरणधारिणी
कमला कमलदलविहारिणी
वाणी विद्यादायिनी,
नमामि त्वाम्
नमामि कमलाम्
अमलां अतुलाम्
सुजलां सुफलाम् मातरम् ।।४।।

श्यामलाम् सरलाम्
सुस्मिताम् भुषिताम्
धरणीं भरणीं मातरम् ।।५।।
वन्दे मातरम् ।।

**(૪) સારે જહાં સે અચ્છા**

**સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારાં**
**હમ બુલબુલ હૈ ઈસકી યે ગુલિસ્તાં હમારાં**
**પર્વત વો સબસે ઊંચા, હમસાયા આસમાં કા,**
**વો સંતરી હમારા, વો પાસલા હમારા...**
**મજહબ નહીં સિખાતા, આપસ મેં બૈર રખના**
**હિન્દી હૈ હમ, હિન્દી હૈ હમ, હિન્દી હૈ હમ વતન હૈં,**
**હિન્દોસ્તાં હમારાં...**

(५) हम युवा है हम करे मुश्किलों से सामना
मातृभूमी हित जगे है हमारी कामना ।।धृ।।

संस्कृति पली यहाँ युण्य भु जो प्यारी है
जननी वीरों की अनेकों की भरत भु हमारी है
ऐसा अब युवक कहाँ दिल में जिसके राम ना ।।१।।

ये कदम हजारों अब रुक ना पायेंगे कभी
मंझीलों पे पहंचकर ही विराम ले सभी
ध्येय पूर्ति पूर्व अब रुक ना पाये साबना ।।२।।

ज्ञान के प्रकाश की ले मशाल हाथ में
शील की पवित्रता है हमारे साथ में
एकता के स्वर उठे छुनेको ये आसमाँ ।।३।।

आँधीयों में स्वार्थ की त्याग दीप ना बुझे
मातृभू को प्राण दूँ याद है शपथ मुझे
मै कहाँ अकेला हूं साथ है ये कारवा ।।४।।

(६) चंदन है इस देश की माटी तपोभूमि हर ग्राम है
हर बाला देवी की प्रतिमा बच्चा बच्चा राम है ।।ध्रु।।

हर शरीर मंदिर सा पावन हर मानव उपकारी है
जहाँ सिंह बन गये खिलौने गाय जहाँ माँ प्यारी है
जहाँ सवेरा शंख बजाता लोरी गाती शाम है ।।१।।

जहाँ कर्म से भाग्य बदलता श्रम निष्ठा कल्याणी है
त्याग और तप की गाथाएँ गाती कवि की वाणी है
ज्ञान जहाँ का गंगाजल सा निर्मल है अविराम है ।।२।।

जिस के सैनिक समरभूमि मे गाया करते गीता है
जहाँ खेत मे हल के नीचे खेला करती सीता है
जीवन का आदर्श जहाँ पर परमेश्वर का धाम है ।।३।।

(७) इतनी शक्ति हमें देना दाता,
मन का विश्वास कमजोर हो ना ।

हम चलें नेक रस्ते पे हमसे,
भूलकर भी कोई भूल हो ना । इतनी...

दूर अज्ञान के हों अँधेरे,
तू हमें ज्ञान की रोशनी दे ।

हर बुराई से बचते रहें हम,
जितनी भी दे, भली जिंदगी दे ।

हर बुराई से बचते रहें हम,
जितनी भी दे, भली जिंदगी दे ।

बैर हो ना किसी का किसी से,
भावना मन में बदले की हो ना । इतनी...

हम ना सोचें हमें क्या मिला है,
हम ये सोचें किया क्या है अर्पण ।

फूल खुशियों के बाँटे सभी को
सब का जीवन ही बस जाए मधुवन,

हो, अपनी करुणा का जल तू बहा के,
कर दे पावन हर एक मन का कोना । इतनी...

(८) देश हमें देता है सब कुछ
हम भी तो कुछ देना सीखे

सूरज हमें रौशनी देता, हवा नया जीवन देती है ।
भूख मिटने को हम सबकी, धरती पर होती खेती है ।
औरों का भी हित हो जिसमें, हम ऐसा कुछ करना सीखें ।।१।।

गरमी की तपती दुपहर में, पेड़ सदा देते हैं छाया ।
सुमन सुगंध सदा देते हैं, हम सबको फूलों की माला ।
त्यागी तरुओं के जीवन से, हम परहित कुछ करना सीखें ।।२।।

जो अनपढ़ हैं उन्हें पढाएँ, जो चुप हैं उनको वाणी दें ।
पिछड़ गए जो उन्हें बढाएँ, समरसता का भाव जगा दें ।
हम मेहनत के दीप जलाकर, नया उजालाल करना सीखें ।।३।।

## એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર

| ક્રમ નં. | પ્રોગ્રામ ઓફિસર/કર્મચારીનું નામ | કોલેજ/ પોલીટેકનીકનું નામ | સંપર્ક |
|---|---|---|---|
| ૧ | શ્રી એ.જે. ઠેસિયા<br>મદદનીશ પ્રાધ્યાપક | કોલેજ ઓફ ડેરી સાયન્સ, અમરેલી | ૯૫૫૮૨૪૭૦૪૭<br>ankitthesiya@gmail.com |
| ૨ | ડૉ. દીપક મુડ્ગીલ<br>મદદનીશ પ્રાધ્યાપક | માનસિંહભાઈ ઇન્સ્ટીટયુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, મહેસાણા | ૮૫૧૧૭૧૩૬૫૯<br>deepak@midft.com |
| ૩ | ડૉ. એફ.એમ.કાપડીયા<br>પશુચિકિત્સા અધિકારી | પશુપાલન પોલીટેકનીક, મહેતાપુરા, હિંમતનગર | ૭૫૬૭૫૧૫૭૭૭<br>falgunkapadiya@gmail.com |
| ૪ | ડૉ. હિરેન<br>ઈ/ચા. પ્રિન્સીપાલ કમ<br>મદદનીશ પ્રાધ્યાપક | પોલીટેકનીક ઇન એનિમલ હસબન્ડરી, ખડસલી | ૮૧૪૦૪૭૯૭૦૮<br>principal.khadasali@gmail.com<br>prin.dah.khadasali@ku-guj.com |
| ૫ | ડૉ.ફાલ્ગુનીબેન મુકેશચંદ્ર પાર્થ<br>મદદનીશ પ્રાધ્યાપક | નવસર્જન પોલીટેકનીક ઇન એનિમલ હસબન્ડરી, રણછોડપુરા | ૯૯૦૯૧૮૩૫૭૮<br>falguni.parth74@gmail.com |
| ૬ | શ્રીચેહરસિંહ વી.પરમાર<br>પ્રોગ્રામ ઓફીસર | કેશવમ પોલીટેકનીક ઇન એનિમલ હસબન્ડરી, છાપી | ૮૧૨૮૯૫૬૪૯૧<br>cheharsinhp@gmail.com |
| ૭ | ડૉ. રમીઝ કે.બલોચ<br>ઈ/ચા. પ્રિન્સીપાલ | વૃંદાવન પોલીટેકનીક ઇન એનિમલ હસબન્ડરી, જસદણ | ૯૬૨૪૪૪૧૬૬૭<br>rameez18989@gmail.com |
| ૮ | ડૉ. દર્શનાબેન ભગરીય<br>મદદનીશ પ્રાધ્યાપક | શ્રી રિધ્ધિ પોલીટેકનીક ઇન એનિમલ હસબન્ડરી, મોતીપુરા, હિંમતનગર | ૯૯૭૪૦૪૪૧૫૩<br>drdarshna93@gmail.com |

## :: વિશેષ નોંધ ::

## :: વિશેષ નોંધ ::

# યુનિવર્સિટી ગીત

હો સર્વભૂતહિતે રતાઃ, જીવસૃષ્ટિ સકલ સમાહિતા,
હો કામધેનુ હી કલ્પદ્રુમ, કલ્યાણ શ્રેય સમર્પિતા. ॥૧॥

સબ ગાય કે ગોપાલ હો, પશુપતિ નહીં પશુગ્વાલ હો,
પાલન સંવર્ધન હો પ્રેમસે, વૃદ્ધિ બલ આરોગ્યતા. ॥૨॥

દહીં, દૂધ, મખ્ખન કી નદી, હો વિશ્વમેં અપની સદી,
કપિલા સમી ગીર ગાય હૈ, આંચલભરી અપરાજિતા. ॥૩॥

સાગર ભરા ભંડાર હૈ, જો રાષ્ટ્ર કા આધાર હૈ,
મછુઆર, મોતી, મત્સ્ય સબ, સૌભાગ્ય કી હૈ સંહિતા. ॥૪॥

સબ કર્મ મેં કૌશલ્ય હો, આલસ્ય કા ના શલ્ય હો,
ના મનોદોર્બલ્ય હો, ઔર જ્ઞાન કી હો સુલભતા. ॥૫॥

– ડૉ. બાલકૃષ્ણ જોષી

*Our Motto : Welfare of all living beings*

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

बेटी बचाओ
बेटी पढ़ाओ


**કામધેનુ યુનિવર્સિટી**

કર્મયોગી ભવન, બ્લોક–૧, વીંગ બી–૧,
૪થો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦
ફોન : ૦૭૯–૬૫૭૨૬૬૬૮, Visit us : www.ku-guj.org